**અરજદારની ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૪૫૧ અને ૪૫૭ મુજબની અરજી લગત હુકમ**

---

(૧) અરજદારશ્રી **HANUMANRAM VISHNOI** ની હાલની અરજી વંચાણે લીધી. અરજદાર તથા વિધ્વાન એ.પી.પી. શ્રી ને સાંભળ્યા, રજુ દસ્તાવેજો ધ્યાને લીધા. તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય તેમજ રજુ દસ્તાવેજો ધ્યાને લીધા.

હાલના અરજદારે તેઓની અરજીમાં રજુઆત કરેલ છે કે, તેઓ અરજી માં જણાવ્યા મુજબના સરનામે હાલમાં રહે છે તથા તેઓની સાથે સાયબર ક્રાઇમનો બનાવ બનેલ જે બનાવમાં તેઓના **State Bank of India** ના ખાતા **નંબર 39653030603** માંથી રૂપીયા **25000** ઉપડી ગયેલ હતાં. જે બાબતે તેઓએ આશ્વસ્ત પ્રોજેક્ટમાં ૧૦૦ નંબર ઉપર કોલ કરીને ફરીયાદ નોંધાયેલ હતી. જે ફરીયાદ તારીખ **21/04/2022** ના રોજ **31104220011404** નંબરથી નોંધાયેલ હતી. જે સબબ સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા સામાવાળા નો ના **316802010103843** ખાતામાં તેઓના ગયેલ નાંણા પૈકી **7761/-** રૂપીયા ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમ ૧૦૨ મુજબ ફ્રીઝ કરાવેલ હતા જે હાલ સુધી સદર બેન્કમાં જેમના તેમ પડી રહેલ છે અને તેઓને પરત મળેલ નથી. અરજદારે વધુમાં જણાવેલ છે કે, આ બાબતે એફ.આઇ.આર. થયેલ નથી. તેઓને ખુબજ મોટુ આર્થિક નુકશાન થયેલ હોય તથા તેઓને ગુજરાન ચલાવવા માટે સદર રૂપીયાની જરૂર હોય સદર નાંણા તેઓના ખાતામાં પરત અપાવવા માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમ ૪૫૧ અને ૪૫૭ મજુબ યોગ્ય તે હુકમ થવા અરજ કરેલ છે.

(૨) અરજદારની અરજી સબબ તપાસ કરનાર અમલદાર એટલે કે પોલીસ અધિક્ષક, સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ, સીઆઇડી ક્રાઇમ, સુરતનાઓને સદર ગુના બાબતે તમામ પેપર સહીત સ્પષ્ટ અભિપ્રાય રજુ કરવા હુકમ કરવા માં આવેલ.

જે અન્વયે નાયબ પોલીસ અધિક્ષક, સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ, ગાંધીનગર નાઓએ તેઓનો અભિપ્રાય રજુ કરેલ છે. તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય તથા લગત કાગળો ધ્યાને લેતા તેઓએ જણાવેલ છે કે, સાયબર ક્રાઇમનો ભોગ બનનાર નાંણા જ્યારે ઓનલાઇન ટ્રાન્સફર થઇ જતા હોય છે ત્યારે આવા નાણાને તાત્કાલીક રોકવા તથા ગુના અટકાવવા માટે ગુજરાત સરકાર દ્વારા સાયબર આશ્વસ્થ પ્રોજેક્ટ સામાન્ય નાગરીકો માટે શરૂ કરવામાં આવેલ છે. જે હાલ સ્ટાટ સાયબર ક્રાઇમ સેલ, સીઆઇડી ક્રાઇમ હસ્તક ચાલુ છે અને તેઓ નાયબ પોલીસ અધિક્ષક તરીકે આ સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ ખાતે ફરજ બજાવે છે. આ પ્રોજેક્ટ અંતર્ગત સાયબર ક્રાઇમ ઇન્સિડન્ટ રીસ્પોન્સ યુનિટ માં સાયબર ક્રાઇમ નો ભોગ બનનાર નાંણા જ્યારે ઓનલાઇન ટ્રાન્સફર થઇ જતા હોય છે તેને તાત્કાલીક રોકવાની કામગીરી કરવામાં આવે છે. સાયબર ક્રાઇમ ના ભોગ બનનાર નાગરીકો સીધી જ પોતાની ફરીયાદ ૧૦૦ નંબર (હાલ ૧૯૩૦) પર ડાયલ કરીને લખાવે છે ત્યારે ઇન્સીડન્ટ રીસ્પોન્સ યુનિટ દ્વારા એક ટીકીટ નંબર આપવામાં આવે છે તેમજ સાથોસાથ જે શંકાસ્પદ બેન્ક ખાતામાં જે તે નાગરીકના નાંણા ગયેલ હોય તે બેન્ક ને નાંણા ફ્રીઝ કરાવવા તેમજ જો નાંણા ત્યાંથી ટ્રાન્સફર થઇ ગયેલ હોય તો તેની માહીતી આપવા માટે તેઓની કચેરીએથી સીઆરપીસીની કલમ ૯૧ તથા ૧૦૨ હેઠળ નોટીસ આપવા માં આવે છે. નોટીસ આધારે બેન્કો દ્વારા આ શંકાસ્પદ રીતે મેળવાયેલા નાંણા ફ્રીઝ કરવામાં આવે છે.

વધુ માં અરજદારની અરજી ની હકિકતો જણાવી વાદગ્રસ્ત રકમ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ ફ્રીઝ કરાવેલ છે. જે નાંણા પાછા ખેંચવા માટે અરજદારશ્રીએ આપ નામદાર સાહેબની કોર્ટમાં અરજી કરેલ હોય અને તે સારૂ તેઓનો અભિપ્રાય માંગેલ છે. જે બાબતે તેઓએ જણાવેલ છે કે, જે ખાતા માં રૂપીયા ફ્રીઝ થયેલ છે જે સદર બેન્ક ખાતા બનાવટી હોવાનું જણાઇ આવેલ છે તથા સદરહૂ ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો અન્ય કોઇ વ્યક્તિએ ખાતુ સીઝ કર્યા બાબતે તેઓ (પોલીસ) સમક્ષ કોઇ વાંધા તકરાર લીધેલ નથી જેથી તે રૂપીયા અરજદારશ્રી ને પાછા આપવા તેઓનો અભિપ્રાય થાય છે.

(3) સદર કામે અરજી સાથે રજુ કરવામાં આવેલ બેન્ક પેપર્સની નકલ ધ્યાને લેતા તેમજ તપાસ કરનાર અમલદાર દ્વારા રજુ કરવામાં આવેલ અભિપ્રાય તથા તેને લગત કાગળો ધ્યાને લેતા ફરીયાદી ના ખાતામાંથી નાંણા ઉપડી ગયેલ હોવાનુ તથા શંકાસ્પદ બેન્ક ના ખાતામાં ટ્રાન્સફર થયાનુ હાલના તબક્કે સ્પષ્ટ જણાઇ આવે છે. તદ્દપરાંત રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતા હાલના કામે આજદીન સુધી કોઇ એફઆઇઆર થયેલ હોય કે હાલના કામે કોઇ ની ધરપકડ કરવામાં આવેલ હોય તેમ જણાઇ આવતુ નથી. તેમજ બનાવ બન્યે આટલો લાંબો સમય પસાર થયેલ હોવા છતા આજદીન સુધી અરજદાર સિવાય અન્ય કોઇએ સદર નાંણાની અત્રેની અદાલત સમક્ષ માંગણી કરતી કોઇ અરજી કરેલ નથી. તદ્દપરાંત તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય ધ્યાને લેતાં તેઓ સમક્ષ પણ કોઇએ આ નાંણાની માંગણી કરેલ હોય તેમ જણાતુ નથી. તેમજ તપાસ

કરનાર અમલદાર દ્વારા સદર બેન્ક ખાતા બનાવટી હોવાનું જણાવેલું છે તથા સદરહુ ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો અન્ય કોઇ વ્યક્તિએ ખાતુ સીઝ કર્યા બાબતે તેઓ (પોલીસ) સમક્ષ કોઇ વાંધા તકરાર લીધેલ નથી. જેથી તપાસ કરનાર અમલદાર દ્વારા સદર નાંણા અરજદારશ્રીને પાછા આપવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. જેથી અત્રેની અદાલતના માનવા મુજબ હાલના અરજદાર સદર નાંણાનો કબ્જો મેળવવા હક્કદાર હોવાનુ જણાય છે.

(૪) આ તબક્કે સદર નાણા પરત આપવા બાબતે અત્રેની અદાલતની સત્તા હકુમત જોતા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ની કલમ ૪૫૭ માં નીચે મુજબ જોગવાઇ કરવામાં આવેલ છે.

***કલમ- ૪૫૭***

કોઇ પોલીસ અધિકારીએ મિલકત કબ્જે લીધાનો આ અધિનિયમની જોગવાઇ હેઠળ મેજિસ્ટ્રેટને રિપોર્ટ કરવામાં આવે અને તપાસ કે ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન ફોજદારી ન્યાયાલય સમક્ષ તે મિલકત રજુ ન કરવામાં આવે ત્યારે, મિલકતના નિકાલ સંબંધી અથવા તેનો કબ્જો ધરાવવા હકદાર વ્યક્તિને તે મિલકત સોંપી દેવા સંબંધી અથવા તે વ્યક્તિ અંગે ખાતરી કરી જાણી ન શકાય તો, તે મિલકતની કસ્ટડી અને તેને રજુ કરવા સંબંધમાં મેજિસ્ટ્રેટ પોતાને યોગ્ય લાગે તે હુકમ કરી શકશે.

આમ સદર કાયદાકીય જોગવાઇ મુજબ જ્યારે કોઇ પણ પોલીસ અધિકારી દ્વારા મિલકતની જપ્તી ની જાણ મેજીસ્ટ્રેટ ને કરવામાં આવે અને તપાસ દરમ્યાન આવી મિલકત અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ ન હોય ત્યારે મેજીસ્ટ્રેટ ને આવી મિલકત ના નિકાલ અથવા તો કબ્જા બાબતે યોગ્ય લાગે તેવો હુકમ કરવાની સત્તા આપવા માં આવેલ છે.

આમ ઉપર ચર્ચા કર્યા મુજબ સદર કેસની તમામ હકીકત, સંજોગો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતાં સદર નાંણા બેન્ક માં જમા હોય તેથી સદર રોકડ રકમના દર તેમજ સીરીયલ નંબર બાબતનો પ્રશ્ન ઉપસ્થીત થતો નથી. તેમજ ભવિષ્યે પણ મુદ્દામાલ ની ઓળખ બાબતની કોઇ તકરાર કે પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ નથી. વધુ માં નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા સુંદરભાઇ અંબાલાલ દેસાઇ વિ. ગુજરા રાજ્ય, ૨૦૦૩(૧) જી.એલ.એચ.પાના નંબર ૩૦૭ ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતા પણ ઉપરોક્ત જણાવેલ કારણોસર હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી હોય ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવા માં આવે છે.

**હુકમ**

•અરજદારશ્રી **HANUMANRAM VISHNOI** ની અરજી આથી ફોજદારી કાર્યરીતિ અધિનીયમની કલમ ૪૫૭ હેઠળ આથી મંજુર કરવા મા આવે છે.

•અરજદાર ને સદર ગુનાના કામે સીઝ કરવા માં આવેલ રોક્ડ રકમ રૂ. **7761/-** પુરા દોઢી રકમ ના જાત જામીન (બોન્ડ) તથા તેટલીજ રકમના સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપ્યેથી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

•વધુમાં હુકમ કરવામાં આવે છે કે, અરજદાર દ્વારા હુકમ મુજબના જાતજામીન તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેથી પોલીસ અધિકારી દ્વારા તે મતલબની જાણ તથા સદર હુકમ ની જાણ ફરીયાદી તથા જેમાં નાંણા સીઝ થયેલ છે તે બેન્ક ને કરવી અને જે બેન્ક માં નાંણા ફ્રીઝ થયેલ છે તે બેન્ક ને હુકમ કરવા મા આવે છે કે, તેઓની બેન્ક માં જે અરજદાર નાં નાંણા રૂ. **7761/-** જમા છે તે રકમ અરજદાર ખાતુ ધરાવતી બેન્ક **State Bank of India** ના ખાતા **નંબર 39653030603** માં જમા કરાવી અત્રેની અદાલત ને જાણ કરવી.

•સદર તકરારી નાંણા બાબતે શંકાસ્પદ ખાતા ના ધારક કોઇ કાર્યવાહી કરે તો અરજદારે સદર રકમ પરત જમા કરાવવી.

સુરત.

તા. ૧૩/૦૮/૨૦૨૨

૧૮મા એડી. સીની. સિવિલ જજ અને
એ.સી.જે.એમ.,સુરત.